


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. મે ૧૫, ૨૦૨૧ • ચૈત્ર સુદ ૩, સંવત ૨૦૭૭

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Nitin Patel**
Hon'ble Deputy Chief Minister, Gujarat State



**Shri Pradipsinh Jadeja**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. K. Jadav**
Director
GSNRGF

## મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને કોવિડ ટાસ્કફોર્સના તજજ્ઞ તબીબો-મંત્રીશ્રીઓ-વરિષ્ઠ સચિવોની ઉચ્ચસ્તરીય બેઠક

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના કોવિડ-૧૯ની થર્ડ વેવ આગામી દિવસોમાં આવી શકે તેવી દુનિયાના મેડીકલ એકસપર્ટસ દ્વારા કરેલી સંભાવનાઓને પગલે ગુજરાતમાં પણ તેનો સતર્કતા-સજ્જતાથી સામનો કરવાના આગોતરા આયોજન રૂપે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કર્યું હતું. શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબો તેમજ GBRCના વૈજ્ઞાનિકો અને મંત્રીશ્રીઓ, વરિષ્ઠ સચિવો સાથે ભાવિ રણનીતિ ઘડવા અંગે ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના સંક્રમણમાં આ બીજી લહેરમાં છેલ્લા એક સપ્તાહથી કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થયો છે અને અગાઉના ૧૪૦૦૦ કેસોથી ઘટીને ૧૧ હજાર જેટલી સંખ્યા થઇ ગઇ છે. રાજ્ય સરકાર, તબીબી જગત અને



જનસહયોગના સહિયારા પ્રયાસોથી આપણે આ પરિણામ મેળવી શકયા છીએ. હવે, ત્રીજી લહેર જો સંભવત: આવી પડે તો ગુજરાતમાં આગોતરું આયોજન કરીને મેડીકલ પ્રોટોકોલ, ટ્રીટમેન્ટ, ઓકસીજન વ્યવસ્થા, હોસ્પિટલોમાં બેડ તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચરને વધુ સુદ્રઢ બનાવવા અંગે આપણે માઇક્રોપ્લાનીંગ સાથેનો એકશન પ્લાન ઘડવો પડશે. એમ મુખ્યમંત્રીશ્રીએ તજજ્ઞ તબીબો સાથેની ચર્ચામાં જણાવ્યું હતું. (Source : https://cmogujarat.gov.in)

## રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે કોરોના બેડની સંખ્યા વધારીને ૧ લાખ કરાઇ – મુખ્યમંત્રીશ્રી

છેલ્લા ૧૦ દિવસથી ગુજરાતમાં કોરોનાના કેસ સ્ટેબલ થયા છે જે આપણા સૌ માટે ખૂબ જ રાહતના સમાચાર છે. કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે છેલ્લા મહિનામાં બેડની સંખ્યા ૪૧ હજારથી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. કોરોના સામે લડવા છેલ્લા દોઢ માસમાં ગુજરાતમાં ૨ લાખ ૭૫ હજારથી વધુ લોકોનું વેક્સિનેશન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના સઘન પગલાં તેમજ કોરોના વોરિયર્સની દિવસ-રાત મહેનત અને લોકોના સહકાર-જાગૃતિના પરિણામે ગુજરાત કોરોનાની બીજી લહેરમાં પણ ધીમે ધીમે મક્કમતાથી બહાર આવી રહ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર કોરોના સામે જંગ જીતવા સતત કાર્યરત છે. કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે છેલ્લા મહિનામાં ઓક્સિજન બેડની સંખ્યા ૧૮ હજારથી વધારીને ૫૮ હજાર કરવામાં આવી છે. રાજ્ય સરકારના સઘન પ્રયાસોથી ૨,૦૦૦ જેટલી હોસ્પિટલોમાં દૈનિક ૧૧૦૦ ટન ઓક્સિજનનો ૨૪ કલાક અવિરત પ્રવાહ પુરો પાડવામાં આવી રહ્યો છે. (Source : https://cmogujarat.gov.in)




**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

# પણંજના NRIની મદદથી રેફરલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ સ્થપાશે



ખેરગામ તાલુકામાં કોરોનાના કપરા સમયમાં જ્યારે હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે દર્દીઓને સારવાર પણ આપી શકાય એમ ન હતું ત્યારે ખેરગામના સામાજિક અગ્રણીઓ દ્વારા આ કપરા કાળમાં ખેરગામ તાલુકાના ગરીબ દર્દીઓની મદદ કરવા અપીલ કરાઇ હતી જેના પ્રતિસાદમાં ખેરગામ નજીકના પણંજ ગામમાંથી વિશ્વના જુદા જુદા દેશોમાં સ્થાયી થયેલા કણબી પટેલો આગળ આવ્યા છે. તેઓએ લોકો ઓક્સિજન વિના મૃત્યુ ન પામે તે માટે રૂ. ૧૦ લાખ જેટલુ ભંડોળ ભેગું કરી દીધું હતું. એટલું જ નહીં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૨૦ લાખ સુધીનો ખર્ચ કરવાની તૈયારી દર્શાવી હતી.

(Source : www.divyabhaskar.co.in)

# શિકાગોમાં વસતા ગુજરાતી પરિવારો વતનની વહારે




ગુજરાત આખું કોરોનાની મહામારીમાં ઝઝૂમી રહ્યું છે ત્યારે વિદેશમાં વસતા ગુજરાતીઓ પણ વતનની વહારે આવી રહ્યા છે. અમેરિકાના શિકાગોમાં વસતા ગુજરાતી પરિવારો દ્વારા એક જ દિવસમાં ૫૦ હજાર ડોલરનું ડોનેશન એકઠું કરીને ગુજરાતીઓની મદદ માટે ગુજરાતમાં ચાલતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને મોકલ્યું છે અને હજુ બીજા ૫૦ હજારથી વધુ ડોલર એકઠા કરી ગુજરાત મોકલવાના છે. શિકાગોના મિડ વેસ્ટમાં વસતા ગુજરાતી પરિવારો ઉમિયા માતાજી સંસ્થાનના માધ્યમથી ગુજરાતી પરિવાર માટે ધાર્મિક અને સામાજિક કાર્ય કરી રહ્યા છે.

(Source : www.divyabhaskar.co.in)

# કચ્છી સહિતના અમેરિકાના NRI દ્વારા ભારતને મદદ



કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં વસતા ભારતીયોએ ટાસ્ક ફોર્સ તૈયાર કરી ટીમ વર્કથી કોરોના પીડિતો માટે ઓક્સિજન કોન્સેન્ટ્રેટર પૂરા પાડવાનું કામ પાર પાડ્યું હતું. આ કાર્યમાં કાનપુરના કપિલ શુક્લે મુખ્ય જવાબદારી લઈ યુવાનોની ટીમ તૈયાર કરી દર્દીઓ માટે ૨૫૦ જેટલા ઓક્સિજન કોન્સેન્ટ્રેટર રવાના પણ કરી દીધા છે. જેમાં દેશના વિવિધ રાજ્યના નાગરિકો સાથે ભુજની ધારા મહેતાની ટીમે જાતે ફંડ આપીને ગ્રુપમાંથી ૭,૨૫,૦૦૦નું ફંડ એકત્ર કર્યું હતું. રાહત સામગ્રી ભારત પહોંચાડવા માટે ડિલિવરી ટીમ કાર્યરત છે. આ ટીમમાં હાલ ૮૦૦ ભારતીય જોડાયા છે. ગ્રુપ પ્રમાણે કામ કરી, ફોન પર, સોશિયલ મીડિયા પર લોકોને જાણ કરે છે. જેથી દવા, ઇંજેક્શન, પી.પી.ઈ કીટ, ઓક્સિજન સિલિન્ડર, માસ્ક વગેરે જરૂરિયાત પૂરી પાડી શકે.

(Source : www.divyabhaskar.com)

# વ્યારા માટે અમેરિકાના NRI દ્વારા ઓક્સિજન કોન્સન્ટ્રેટર મોકલાયા

કોરોનાના કપરા સમયમાં વ્યારાના વતનીઓ જેઓ વિદેશોમાં સ્થાયી થયેલા છે તેઓ પોતાના વતનના લોકોની વહારે આવ્યા છે. કોરોના કાળમાં વ્યારામાં સર્જાયેલી સમસ્યા અંગે જાણ થતાં જ એનઆરઆઈઓ દ્વારા તાત્કાલિક વ્યારા માટે ૧૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન અમેરિકાથી પાર્સલ કર્યા હતા. ઉપરાંત તેમના દ્વારા આર્થિક ભંડોળ ઊભું કરી ભારતમાંથી બીજા ૧૦ આવા ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન અને ૨૦ વેન્ટીપેપ મશીનો સ્થાનિક લેવલે ખરીદવા આર્થિક સહાય કરી હતી જે મશીનોનું વિતરણ તાપી જિલ્લામાં કોવિડની સારવાર કરતી હોસ્પિટલોમાં કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વ્યારાની જનક હોસ્પિટલ અને કાલિદાસ હોસ્પિટલમાં ડુમા નામની ઓક્સિજન ટેન્ક પણ આપવામાં આવી હતી.

(Source : www.divyabhaskar.co.in)

# સમીર પટેલ અમેરિકામાં ડિસ્ટ્રિક્ટ એટર્ની બન્યા



ઇન્ડિયન અમેરિકન સમીર પટેલ ડિસ્ટ્રિક્ટ એટર્ની બન્યા છે. ચેરોકી જ્યુડિશિયલ સર્કિટમાં જ્યોર્જિયા ગવર્નર બ્રાયન કેમ્પે તેઓને બાર્ટો ગોર્ડન કાઉન્ટીઝના વકીલ તરીકે નિમણૂક આપી છે. જ્યોર્જિયા સ્ટેટના ઉત્તર પશ્ચિમ ભાગના ટોચના પ્રોસિક્યુટર તરીકે એમને નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રી પટેલ ટેનેસી સ્ટેટ યુનિવર્સિટીમાંથી ઇન્ફોર્મેશન સાયન્સ અને જનરલ મેનેજમેન્ટમાં સ્નાતકની ડિગ્રી અને જ્યોર્જિયા સ્ટેટ યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી ધરાવે છે.

(Source : www.akilanews.com)

# ગુજરાતની દીકરીએ અમેરિકાથી વહાવ્યો મદદનો ધોધ

રાજ્યમાં કોરોનાનો રાફડો ફાટતા દવાથી લઇ ઓક્સિજનની અછત વર્તાઇ રહી છે ત્યારે ઘણા સેવાભાવી લોકો સામે આવ્યા છે જેઓ લોકોની નિ:સ્વાર્થ મદદ કરી રહ્યા છે. ત્યારે વલસાડ જિલ્લાના એક નાનકડા ગામની દીકરીએ અમેરિકાથી પોતાના દેશ ભારતમાં મદદનો ધોધ વરસાવ્યો છે. પારડી તાલુકાના દશવાડા ગામની વહુ અને પરિયાના સુભાષભાઈ છોટુભાઈ દેસાઈની દીકરી રૂપાબેન દેસાઈએ અમેરિકાથી ભારત સરકારને કોવિડ-૧૯ની સારવાર માટે રૂ. ૩૫ કરોડના મૂલ્યના રેમડેસિવિર ઈન્જેકશનનું કન્સાઈન્મેન્ટ દાન સ્વરૂપે મોકલ્યું છે. રૂપા દેવાંગ નાયક દશવાડાના કાળીદાસ નાયકના પુત્રવધૂ છે જેઓ મફતલાલ ગ્રૂપમાં મુંબઈ ખાતે વાઈસ પ્રેસિડન્ટનાં હોદ્દા ઉપર હતા. આ બહુમૂલ્ય જીવનરક્ષક ઈન્જેકશનના દાન થકી આ પરિવારે અનાવિલ સમાજનું નામ રોશન કર્યુ છે.

(Source : https://sandesh.com)

## પાંચ ગામ લેઉવા પાટીદાર સંગઠને અમેરિકાથી ૧૧૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મોકલ્યા



કોરોના મહામારીમાં ઓક્સિજનની અછત સર્જાતા અનેક લોકોને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે અમેરિકા સ્થિત પાંચ ગામ લેઉવા પાટીદાર સંગઠન દ્વારા પાટણ તાલુકાનાં બલિસાણા, સંડેર, મણુંદ અને વિસનગર તાલુકાનાં ભાન્ડુ અને વાલમ ગામ માટે અમેરિકાથી ૪૦ લાખ રુપિયાની કિંમતનાં ૧૧૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીનની ખરીદી કરી ભારત મોકલવામાં આવ્યા છે. આ મશીનો પૈકી પાટણ તાલુકાના બાલિસાણામાં ૨૫, સંડેરમાં ૧૭, મણુંદમાં ૧૭ અને વાલમ ગામમાં ૨૫ આપવામાં આવશે. જ્યારે બાકી રહેલા ૯ મશીનો રિઝર્વમાં મૂકવામાં આવશે.

(Source : https://networknewsgujarat.com)

## અમેરિકાનો સૌરાષ્ટ્ર પટેલ કલ્ચર સમાજ ઓક્સિજન મશીનો મોકલશે

કોરોનાની મહામારીનો સામનો કરવા ગામડે ગામડે કોવિડ સેન્ટરો ઉભા થઇ રહ્યા છે ત્યારે ઓક્સિજનની અછત દૂર કરવા અમેરિકામાં વસતા સૌરાષ્ટ્રના પટેલ સમાજના લોકો આગળ આવ્યા છે. સૌરાષ્ટ્ર પટેલ કલ્ચર સમાજ - અમેરિકાએ ગુજરાતના ગામડાઓમાં કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનના મશીનો મોકલવાનું નક્કી કર્યું છે. આ માટેની ટહેલ નાખી માત્ર ચાર જ દિવસમાં રૂ. પાંચ કરોડ (૬,૮૦,૦૦૦ ડોલર)નું દાન પણ એકઠું કરી લીધું અને ૧૧૦૦થી વધુ ઓક્સિજન મશીન અને અન્ય સાધન સામગ્રી ખરીદી પણ લીધી છે. પ્રોજેક્ટ માતૃભૂમિ અંતર્ગત આ ઓક્સિજન કોન્સન્ટ્રેટર એટલે કે પોર્ટેબલ ઓક્સિજન મશીનો એર કાર્ગો, એર ઇન્ડિયા, યુપીએસ અને બાલાજી વેફર્સના સહયોગથી ટુંક સમયમાં સૌરાષ્ટ્રના દર્દીઓ સુધી પહોંચાડવામાં આવનાર છે. સૌરાષ્ટ્ર પટેલ કલ્ચર સમાજ - અમેરિકા છેલ્લા ૪૦ વર્ષોથી અનેક પ્રકારની સેવાભાવી, પરોપકારી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરે છે જે ૨૮૦૦ આજીવન અને ૧૫૦૦૦ સભ્યો ધરાવતી સૌથી મોટી સંસ્થા છે.

(Source : www.divyabhaskar.co.in)

## ભોપાલ ગુજરાતી ભવનમાં કોવિડ હોસ્પિટલ બનાવાઇ




કોરોના મહામારીથી દેશ ઝઝૂમી રહ્યો છે ત્યારે ભોપાલ શહેરને મદદ કરવા શ્રી ગુજરાતી સમાજે તેના ગુજરાતી ભવનને કોવિડ હોસ્પિટલમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. ૫૦ બેડની આ હોસ્પિટલમાં ઓક્સિજનવાળા ૨૦ બેડ હશે. દર્દીઓને બંને સમયે નિ:શુલ્ક ભોજન પણ આપવામાં આવશે. શ્રી ગુજરાતી સમાજના પ્રમુખ સંજય પટેલે જણાવ્યું હતું કે લિન્ક રોડ નંબર-૧ પર સ્થિત ગુજરાતી ભવનમાં ૨૨ ઓરડાઓ છે. તેમાંથી ૫૦ પથારીની હોસ્પિટલ ખોલવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો છે. આ માટે, રેડ ક્રોસ મેનેજમેન્ટ સેક્રેટરી પ્રાર્થના જોશી સાથે ચર્ચા બાદ હોસ્પિટલ ૧૦ મેથી શરૂ કરવામાં આવી છે.

(Source : www.naidunia.com)

## કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકાનું માતૃભૂમિ માટે ૪ કરોડનું ભંડોળ

KPSNA
KADWA PATEL SAMAJ OF NORTH AMERICA

કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (KPSNA)એ માતૃભૂમિ પ્રત્યેની લાગણી વ્યક્ત કરતા શક્ય તેટલો સહકાર આપવા માટે સેવા અભિયાન શરુ કર્યું છે. અમેરિકા અને કેનેડામાંથી કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકાના આગેવાનો, સભ્યો અને સમાજના લોકોએ છુટા હાથે મોટા મનથી દાન આપ્યું અને પ્રથમ અઠવાડિયામાં જ અંદાજે રૂપિયા ચાર કરોડનું ભંડોળ ભેગું થયું. તેમાંથી ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ અત્યારે ભારતમાં મોકલી આપેલ છે. બીજા ભાગરૂપે વધુ ત્રણસો ઓક્સિજન કોન્સનટ્રેટર્સ પણ થોડા દિવસોમાં મળી જશે. સાથે સાથે વોલ્ટેજ કન્વર્ટર્સ, ઓક્સીમીટર્સ વગેરે ઉપકરણો પણ મોકલેલ છે. (Source : www.akilanews.com)

## બનાસકાંઠાને મુંબઈના ટ્રસ્ટે ૧૫ વેન્ટિલેટર, ૨૦૦ ઓક્સીજન કોન્સન્ટ્રેટર ભેટ આપ્યા

કોરોનાનો કહેર ગામડાઓ સુધી ફેલાયો છે ત્યારે બનાસકાંઠાના પૂર્વ સાંસદ અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી હરિભાઇ ચૌધરીના પ્રયત્નોથી બનાસકાંઠાને મેડિકલ સાધનોની સહાય અપાઈ હતી. હરિભાઇ ચૌધરીએ જિલ્લા કલેક્ટરને મેડિકલ સામગ્રી સોંપી અને સેવા માટે ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. પાલનપુરના વતની મુંબઈમાં વસતા જેમ્સ એન્ડ જ્વેલરીના નેશનલ ફાઉન્ડેશન તરફથી જિલ્લાના લોકોના આરોગ્યની ચિંતા કરી બે કરોડથી વધુની સહાય પહોંચાડી હતી. બનાસકાંઠાને મુંબઈના આ ટ્રસ્ટે ૧૫ વેન્ટિલેટર અને ૨૦૦ ઓક્સીજન કોન્સન્ટ્રેટર ભેટ આપ્યા હતા. (સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા.૧૧.૫.૨૦૨૧)

## અમેરિકા ભણવા જનારાઓને મોટી રાહત

અમેરિકન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે મોટા રાહતના સમાચાર આવ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અમેરિકા જઇ શકશે. દિલ્હી સ્થિત અમેરિકન હાઇ કમિશનરે ૪થી મેએ જણાવ્યુ હતું કે જે વિદ્યાર્થીઓની કોલેજ પહેલી ઓગસ્ટે અથવા તે પછી ચાલુ થઈ રહી છે તે અમેરિકામાં પ્રવેશ મેળવી શકે છે. આના સંદર્ભમાં વિઝાધારક વિદ્યાર્થીએ પોતાની સંબંધિત શિક્ષણ સંસ્થાનો સંપર્ક કરીને વિકલ્પોની જાણકારી મેળવવાની રહેશે. યુએસ એમ્બેસીએ જણાવ્યુ હતું કે અમેરિકન પ્રેસિડેન્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ અનુસાર સ્ટુડન્ટ વિઝા ધરાવતા લોકો અમેરિકા જઇ શકે છે. કોરોના રોગચાળાને કારણે લાગુ કરવામાં આવેલા પ્રતિબંધો તેમના પર લાગુ કરવામાં નહીં આવે. (Source : https://sandesh.com)

# રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય : વિશાખાપટ્ટનમ(આંધ્રપ્રદેશ) ખાતેના ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રૂ. ૪૦ લાખની સહાય મંજૂર



બિન-નિવાસી ગુજરાતી પ્રભાગના મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાતીઓ પ્રત્યે ઉદાર ભાવના દર્શાવતા કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દેશ/વિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ) ખાતેના ગુજરાતી સમાજની રજૂઆતને ધ્યાને લઈ વિશાખાપટ્ટનમમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રૂ. ૪૦ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.

અગાઉ ૨૦૧૮માં તે સમયના નિયમ મુજબ વિશાખાપટ્ટનમ(આંધ્રપ્રદેશ) ખાતેના ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રૂ. ૨૨ લાખની સહાય મંજૂર કરવામાં આવી હતી. પરંતુ શ્રી ગુજરાતી સમાજ, વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ) દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૧માં રજૂઆત કરવામાં આવી હતી કે ગ્રેટર વિશાખાપટ્ટનમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્લાનની મંજૂરીમાં વિલંબ થવાના કારણે તેમજ કોવિડ-૧૯ની મહામારીને કારણે બાંધકામ શરૂ કરવામાં વિલંબ થવા પામેલ છે. તેમજ સમાજભવનના બાંધકામ માટેનો અંદાજિત ખર્ચ રૂ. ૫ કરોડ થનાર હોઈ, સરકારના તા. ૩૦-૦૮-૨૦૧૯ના ઠરાવથી સુધારેલ જોગવાઈ અનુસાર સમાજભવનના બાંધકામ માટેની સહાય રૂ. ૨૨ લાખથી વધારી વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ મંજૂર કરવામાં આવી છે તેનો લાભ આપી તે મુજબની સહાય માટેની રજુઆત કરવામાં આવી હતી. વધુમાં તેઓએ જણાવેલ કે, વિશાખાપટ્ટનમ એ મુખ્ય પ્રવાસી કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે, તેથી ત્યાં બહોળી સંખ્યામાં ગુજરાતીઓ મુલાકાત માટે આવતા હોય છે. સંસ્થાની રજૂઆત જોતાં. કાળજી પૂર્વકની વિચારણાને અંતે શ્રી ગુજરાતી સમાજ, વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ)ના ગુજરાતી સમાજ ભવનના બાંધકામ માટે રૂપિયા ૨૨ લાખને બદલે નવી નીતિ મુજબ રૂપિયા ૪૦ લાખની આર્થિક સહાય ખાસ કિસ્સામાં મંજૂર કરવામાં આવી છે.

મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યા છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના જુદા જુદા રાજ્યોમાં આવેલા ૧૬ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે રૂ. ૧ કરોડ ૬૯ લાખની સહાય ચૂકવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકેઃ આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે. ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે. સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે. સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે. આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે. આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો




બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.






## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી



# જયશંકર સુંદરી

**વીતેલા જમાનાના એક સુપ્રસિદ્ધ એક્ટર જયશંકર સુંદરી એટલે જયશંકર ભોજક. એમના જમાનામાં સ્ત્રીઓને નાટકમાં અભિનય કરવાની છૂટ ના હોઈ પુરુષ કલાકારો જ સ્ત્રીનો રોલ કરતા હતા. જયશંકર ભોજક નાટયમંચ પર સ્ત્રીનો રોલ એટલો તો સરસ રીતે ભજવતા કે તેમનું નામ 'જયશંકર સુંદરી' પડી ગયું હતું. કેટલાક લોકો નાટકમાં અદાકારી કરતા જયશંકર સુંદરીને જોઈ તે એક પુરુષ કલાકાર છે તેમ માનવા પણ તૈયાર નહોતા.**

સિનેમાના આગમને નાટકની કેડ તોડી નાખી, બાકી નાટકોની એક આગવી દુનિયા હતી, આગવા રંગ હતા, આગવા રૂપ હતા. ગામડામાં નાટક કંપનીઓ ડેરા નાખે, ચોરસ ખાડો ખોદાય ને એમાં ખુરશીઓ ગોઠવાય. એમાંથી નીકળેલી માટીનો ટેકરો જનતા કલાસ માટે બનાવાય. એક પછી એક ઘંટ પડે અને ત્રીજા બેલે ધડાકા સાથે પડદો ખૂલે... એ દૃશ્યો હવે લુપ્ત થઈ રહ્યાં છે.

અમદાવાદના નાટયગૃહને જેમનું નામ મળ્યું છે એવા પ્રસિદ્ધ નટ શ્રી જયશંકર 'સુંદરી' એ જમાનામાં અદ્ભુત સ્ત્રી ભૂમિકાઓ કરતા. કહેવાય છે કે સ્ત્રી-પાત્રમાં તેઓ એટલા તો જચતા કે સ્ત્રી પ્રેક્ષકોને પણ તેમનાં રૂપકમનીયતાની ઈર્ષ્યા થઈ આવતી. જયશંકર સુંદરી તો મુંબઈની ભાટિયા શેઠાણીઓને સાડી પહેરતાં પણ શીખવતા. મુંબઈમાં ગામદેવી પર ચાલતી મહિલાઓ રંગભૂમિ પર શ્રી જયશંકર સુંદરીની ચાલનું અનુકરણ કરતી હોય એમ લાગતું, પરંતુ ખરેખર તો જયશંકર સુંદરી પોતાના ગુરુએ કહ્યું હોય તેમ સ્ત્રી નિરીક્ષણ કરી તેની ચાલની આબેહૂબ નકલ કરતા.

વિસનગર નજીકના ઉંઢાઈ ગામમાં ૩૦ જાન્યુઆરી ૧૮૮૯ના રોજ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા જયશંકર ભૂધરદાસ ભોજક 'સુંદરી' તરીકે જાણીતા છે. તેમના કુટુંબના સભ્યો નાટક અને ગાયન કલા સાથે જોડાયેલા હતા. તેમણે બે ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. નાટક અને ગાયનની તાલીમ તેમણે તેમના દાદા, ત્રિભુવનદાસ પાસેથી મેળવી હતી જેઓ ઉસ્તાદ ફકરુદ્દીનના શિષ્ય હતા. પંડિત વાડીલાલ નાયક પાસેથી પણ તેમને તાલીમ મળી હતી.

૧૮૯૭માં કલકત્તાની ઉર્દૂ નાટક મંડળીમાં જોડાઈને તેમણે કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ તેઓ ૧૯૦૧માં છોટાલાલ કાપડિયાના મુંબઈ ગુજરાતી નાટક મંડળમાં જોડાયા. ગુજરાતીની સાથે તેમણે હિંદી અને ઉર્દૂ ભાષાના નાટકોમાં પણ કામ કર્યું હતું. ૧૯૦૧માં ૧૨ વર્ષની વયે 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં એમણે બાપુલાલ સાથે મુખ્ય નાયિકાની ભૂમિકા એટલી સુંદર રીતે ભજવી કે જયશંકર ભોજક ત્યારથી જયશંકર સુંદરી તરીકે ઓળખાયા. મુંબઈમાં પારસી થિયેટરના શેક્સપિયરના 'ઓથેલો' પર આધારિત નાટક 'સૌભાગ્ય સુંદરી'માં તેમણે ડેસ્ડેમોના પાત્રને 'સુંદરી' તરીકે ભજવ્યું હતું. આ નાટક અત્યંત સફળ રહ્યું હતું. બાપુલાલની આંખો નબળી હતી. એક વાર 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં સુંદરીને નિયત જગ્યાએ ઊભા રહેવાનું હતું. પણ તે જરા દૂર હતા. બાપુલાલે નિયત જગ્યાએ હાથ લંબાવી પોતાનો કાયમનો સંવાદ બોલવાનું શરૂ કર્યું : 'હે સુંદરી...' પણ ત્યાં તો નટની ભૂલ પર પ્રેક્ષકોમાં હાસ્ય ફરી વળ્યું. ચાલાક શિક્ષક તોફાને ચડેલા વિદ્યાર્થીઓને કાબૂમાં લે તેમ પ્રેક્ષકોની નાડ પારખનાર આ કુશળ નટે પોતાની ભૂલ સુધારી લેતાં કહ્યું : 'સુંદરી! તું ક્યાં છે? મને તો ચારે બાજુ સુંદરી જ દેખાય છે.' અને પ્રેક્ષકોને પણ આ સંવાદ ગમી ગયો. પછી તો કાયમ માટે આ વાક્ય નાટકમાં ઉમેરી દેવાયું.

જયશંકરે નાટકોમાં મુખ્યત્વે સ્ત્રી ભૂમિકાઓ જ ભજવી હતી. તે સમયે નાટકોમાં સ્ત્રીઓ કામ ન કરતી અને મોટાભાગે પુરુષો જ સ્ત્રીપાત્ર ભજવતા. બાપુલાલ નાયકની સાથે તેમણે અનેક મુખ્ય સ્ત્રી પાત્રો ભજવ્યા હતા. બાપુલાલ નાયક તેમના ગુરુ હતા અને બાપુલાલ-સુંદરીની જોડી હંમેશાં પતિ-પત્ની કે યુગલ પાત્રો ભજવતી. 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં બાપુલાલ નાયક 'સૌભાગ્ય' બનતા અને જયશંકરભાઈ 'સુંદરી' બનતા. ગુજરાતની નવી પેઢી જેમને ઓછું જાણે છે એવા બાપુલાલ નાયક રંગભૂમિની એક મેઘાવી પ્રતિભા હતા. વીસ વીસ વર્ષો સુધી નાટયકારોએ બાપુલાલ અને જયશંકર સુંદરીને



બાપુલાલ નાયક અને જયશંકર 'સુંદરી' ('સ્નેહસરિતા', ઈ.સ. ૧૯૧૫)


લક્ષ્યમાં રાખી નાટકો લખ્યાં હતાં. તેમના સુપરહીટ નાટકોમાં 'સૌભાગ્ય સુંદરી' ઉપરાંત 'વિક્રમ ચરિત્ર', 'દાત્રે હસરત', 'જુગલ જુગારી', 'નંદબત્રીસી', 'દેવ કન્યા', 'ચંદ્રભાગા', 'નવલશા હીરજા', 'સ્નેહ સરિતા' અને 'મધુબંસરી'નો સમાવેશ થાય છે. કેટલાંક નાટકો તો ત્રણ વરસ સુધી ચાલ્યા હતા. બાપુલાલ નાયક સાથે તેમણે ગોવર્ધનરામ ત્રિપાઠીના સરસ્વતીચંદ્ર, નૃસિંહ વિભાકર અને મુળશંકર મુલાણીના નાટકો પણ ભજવ્યા હતા.

સ્ત્રી પાત્રો એ એટલી સહજતાથી ભજવતા કે પ્રેક્ષકોને ખ્યાલ પણ ન આવી શકે કે આ પુરુષ હશે. મુંબઈમાં છોટાલાલ પંડ્યાની ગુજરાતી નાટક મંડળીમાં ખેલ પૂરો થતાં કેટલાક શેઠિયા નાટકમાં નાયિકાનાં દર્શન કરવા તલપાપડ થઈને ઊભા રહેતા. છોટાલાલ પંડ્યા કારણ સમજી જાય અને તેમને વિનયપૂર્વક ના પાડે. એક વાર એક વિધુર શેઠિયાએ નાયિકાને પરણવા તૈયારી બતાવેલી. તેને કહેવામાં આવ્યું, 'આ છોકરી નથી પણ છોકરો સ્ત્રીનું પાત્ર ભજવે છે.' આ જાણીને તે શેઠ નિરાશ થયા હતા. જયશંકરે 'બાજીદેશપ્રભુ'માં નાયિકા 'ગજરા'નું કામ કર્યું ત્યારથી એમને મહારાષ્ટ્રના 'ગુર્જર ગાંધર્વ' કહેવામાં આવતા. એમની વસ્ત્ર પરિધાનની કળા, પ્રતિષ્ઠિત ગુજરાતી કુટુંબની સુસંસ્કારી મહિલાઓમાં ફેશનના આદર્શ સમી થઈ ગઈ હતી.

૧૯૩૨માં તેઓ નિવૃત્ત થયા અને વિસનગર પાછા ફર્યા જ્યાં તેમણે રંગભૂમિ વિશે લેખો લખવાનું શરૂ કર્યું. ૧૯૪૮થી ૧૯૬૨ સુધી તેઓ અમદાવાદમાં રંગભૂમિમાં દિગ્દર્શક રહ્યા હતા. ઇ.સ. ૧૯૪૮માં અમદાવાદ ખાતે કલામર્મજ્ઞ રસિકલાલ પરીખ અને ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવળંકર સાથે મળીને જયશંકર સુંદરીએ અમદાવાદમાં નાટ્ય વિદ્યામંદિરની સ્થાપના કરી. જયશંકર સુંદરી તેમના આચાર્ય બન્યા. આ વિદ્યામંદિરમાંથી નાટકશાળા 'નાટ્યમંડળ'નો જન્મ થયો હતો. દલપતરામના નાટક 'મિથ્યાભિમાન' વડે તેમણે લોકકલા ભવાઈને પુનઃજીવિત કરી હતી. ૧૯૫૩માં તેમણે 'મેના ગુર્જરી' જેવા નાટકો વડે ભવાઈ અને બેઇજિંગ ઓપેરા જેવી કળાનું મિશ્રણ કર્યું હતું.

૧૯૫૧માં તેમને ગુજરાતી સાહિત્યનું સર્વોચ્ચ સન્માન રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયું હતું. ૧૯૫૭માં ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમને નાટ્ય કળાના દિગ્દર્શન માટેનો સર્વોચ્ચ પુરસ્કાર 'પ્રેસિડેન્ટ એવોર્ડ' એનાયત કર્યો હતો, જે હવે 'સંગીત નાટક અકાદમી એવોર્ડ' તરીકે ઓળખાય છે. ૧૯૬૩માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના કળા વિભાગના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ૧૯૬૭માં ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય અકાદમી તરફથી તેમનું સન્માન કરાયું હતું. ભારતના રાષ્ટ્રપતિ વી. વી. ગિરિએ તેમને ભારતનો ત્રીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મભૂષણ ૧૯૭૧માં એનાયત કર્યો હતો.


તેમની આત્મકથા 'થોડાં આંસુ, થોડાં ફૂલ' ચાર વર્ષના સમયગાળામાં આંશિક લખાયેલી અને આંશિક તેમના પુત્ર દિનકર ભોજક અને સામાભાઇ પટેલને કહીને લખાયેલી છે. આ આત્મકથા છેલ્લાં સો વર્ષની ગુજરાતી રંગભૂમિ અને નાટ્યસ્થિતિને સમજવા માટે મહત્ત્વની છે. લેખક-નિર્માતા-દિગ્દર્શક વચ્ચે સુમેળના અભાવે ગુજરાતી નાટક અને રંગભૂમિને પ્રતિકૂળ અસર પહોંચાડી છે તેનો ખ્યાલ તેમાંથી આવે છે. આત્મકથાનું ત્રીજું પ્રકરણ 'અંતરનાટક' ત્રીજો પુરુષ એકવચન પદ્ધતિએ લખાયું છે. તે ૧૯૭૬માં પ્રકાશિત થઇ હતી. ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઓફ આર્ટસના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧૯૮૯માં સંવર્ધિત આવૃત્તિ સાથે તેનું પુનઃમુદ્રણ થયું હતું. ઇ.સ. ૨૦૦૨માં આ આત્મકથા હિંદીમાં 'કુછ આંસુ, કુછ ફૂલ' તરીકે દિનેશ ખન્ના દ્વારા અનુવાદ કરવામાં આવી



બાપુલાલ નાયક અને જયશંકર 'સુંદરી'

હતી જે 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા'એ પ્રકાશિત કરી હતી. ૨૦૧૧માં તે અંગ્રેજીમાં 'Some Blossoms, Some Tears' શીર્ષક હેઠળ અનુવાદિત થઇ હતી. સુંદરી : એન એક્ટર પ્રિપેર્સ તેમની આત્મકથા પર આધારિત ૧૯૯૮માં પ્રદર્શિત નાટક હતું.

અમદાવાદમાં એક નાટ્યગૃહને તેમની યાદમાં 'જયશંકર 'સુંદરી' નાટ્યગૃહ' નામ આપવામાં આવ્યું છે. વડનગરમાં આવેલું ભવાઈ ગવર્નમેન્ટ મ્યુઝિયમ તેમના કાર્યોનું પ્રદર્શન ધરાવે છે. મોરબીના કલા મંદિર દ્વારા જયશંકર સુંદરીનું તૈલચિત્ર અનાવરણ કરવામાં આવ્યું હતું અને સૌરાષ્ટ્રના કલા મંદિરના સભાખંડમાં મૂકવામાં આવ્યું હતું.



જયશંકર ૧૨ વર્ષે સુંદરી બન્યા અને ૨૨ જાન્યુઆરી ૧૯૭૫ના રોજ વિસનગરમાં ૮૬ વર્ષે મરણ પામ્યા. ૭૪ વર્ષ એ 'સુંદરી' તરીકે ઓળખાયા. સ્ત્રીપાત્રમાં એમની જોડ શોધવી મુશ્કેલ. તેમણે ઘણાં નાટક કર્યાં. 'સરસ્વતીચંદ્ર' નવલકથાની કુમુદસુંદરી પણ બનેલા. નાટકોમાં સ્ત્રીઓ અભિનય કરી શક્તી ન હતી તે જમાનામાં જયશંકર ભોજક એવું તે સ્ત્રી પાત્ર ભજવતા કે તેમના નામ સાથે સુંદરી વિશેષણ પણ જોડાઈ ગયું. ૧૮૯૮માં કલકત્તા ગયેલા જયશંકરે અભિનય શીખવા માલિક, મેનેજરનાં હાથનો માર પણ ખાધો. એકવાર બંગાળી નાટકમાં તેમણે 'પઢોરી'નું પાત્ર સુંદર રીતે ભજવ્યું અને કલકત્તા તેમની કારકિર્દી માટે પ્રયોગશાળા બન્યું. સિતમગર નાટકને તેઓ પોતાની અભિનય કારકિર્દીનું શ્રેષ્ઠ નાટક માનતા. મુંબઈ ગુજરાતી નાટક મંડળીમાં જોડાયા તે પછી વિવિધ નાટકમંડળીઓમાં જુગલકિશોરી, દેવકન્યા, જુગલજુગારી, સ્વામિભક્ત જેવા અનેક સફળ નાટકો કર્યાં. કેટલાંક નાટક મહિનાઓ સુધી ચાલતાં. સુંદરીના છણકા, અભિનય, વાણી વગેરે માણવા કેટલાક ચાહકો એકનું એક નાટક સંખ્યાબંધ વાર જોતાં. જયશંકર રોજ એક કલાક તરતા, છ માઈલ ચાલતા, સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ સાત વખત વાંચી હતી. તેઓ પત્નીને પોતાની નાટ્યગુરુ માનતા અને પાન વગર ચાલતું નહીં. નાટક પહેલા અડધો કલાક પહેલા તૈયાર થઈ એકાંતમાં સંવાદો મમળાવવા તેમની ટેવ હતી. સતત ૩૧ વર્ષ સુધી સુંદરી નાટકો કરતા રહ્યા. ૧૯૩૨માં ૫૩ વર્ષની વયે તેમણે રંગભૂમિ પર અભિનય કરવાનું છોડ્યું, પણ રંગભૂમિ સાથેનો નાતો અતૂટ રાખ્યો. નિવૃત્ત થઈને વિસનગર વસ્યા. એમણે રંગભૂમિ વિશે લેખો લખવાનું શરૂ કર્યું. નાટકોનું દિગ્દર્શન કર્યું. નાટકના પાત્રોના પોશાક, અલંકાર અને બોલવાની છટા - એ બધાનાં એમના તલસ્પર્શી જ્ઞાને ગુજરાતી રંગભૂમિને સમૃદ્ધ કરી. ૧૯૪૮થી ૧૯૬૨ સુધી લગભગ દોઢ દશકો અમદાવાદમાં રંગભૂમિ પરનાં નાટકોના એ અજોડ દિગ્દર્શક બની રહ્યા.

(Sources & Photo Courtesy : www.gujarat-samachar.com, www.divyabhaskar.co.in, https://sandesh.com, www.gujaratisahityaparishad.com, https://upload.wikimedia.org, www.gujaratsamachar.com)



NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

# ભારતની વહારે બ્રિટિશ ભારતીય ડાયસ્પોરા

ભારતમાં કોવિડ સંક્રમણના જીવલેણ અને વિક્રમી ઉછાળાની લહેરના પગલે લોકો ઓક્સિજન માટે દોડાદોડી કરી રહ્યા હોવાની તસવીરો અને અહેવાલોએ વિશ્વને આઘાત પહોંચાડ્યો છે. યુકે સહિત વિશ્વભરના ભારતીય ડાયસ્પોરાએ આ કટોકટીમાં દેશની પડખે ઉભા રહેવા કમર કસી છે. નોર્થ વેસ્ટ લંડનમાં વેમ્બલીસ્થિત હિન્દુ મંદિરમાં નાની સંખ્યામાં પણ ભાવિકોએ હજારો માઈલ દૂર રહેલા દેશવાસીઓની રક્ષા માટે હનુમાન ચાલીસાના પાઠ શરુ કર્યા છે. હનુમાન ચાલીસામાં જરુરતમંદોને મદદ કરવાની અપાર શક્તિ હોવાનું મનાય છે. બીજી તરફ, બ્રિટિશ ભારતીય કોમ્યુનિટીના અસંખ્ય લોકો વ્યવહારુ મદદ પહોંચાડવા સજ્જ થયા છે.

## બ્રિટિશ એશિયન ટ્રસ્ટનું 'ઓક્સિજન ફોર ઈન્ડિયા' અભિયાન

બ્રિટિશ એશિયન ટ્રસ્ટના ચેરમેન મનોજ બદાલેએ જણાવ્યું હતું કે ડાયસ્પોરાનો એક પણ સભ્ય એવો નથી જેના હૃદયને ભારતની આફત સ્પર્શી ન હોય. વિકાસ પ્રોજેક્ટ્સને સપોર્ટ કરવા બ્રિટિશ એશિયનો દ્વારા સ્થપાયેલું આ ટ્રસ્ટ ભારતના લોકો માટે વર્તમાનમાં સૌથી મોટા પડકાર – ઓક્સિજનની અછત પર ધ્યાન અને પ્રયાસો કેન્દ્રિત કરી રહ્યું છે. પ્રિન્સ ઓફ વેલ્સે પણ ટ્રસ્ટની ઈમરજન્સી અપીલને ટેકો આપતા કહ્યું છે કે ભારતના પીડિતો તેમના વિચારો અને પ્રાર્થનામાં સ્થાન ધરાવે છે. તેમણે કહ્યું હતું કે મહામારીમાં ભારતીય સહાય અને કૌશલ્ય અન્ય દેશો માટે મદદરુપ બની રહ્યા હતા. પ્રિન્સે કહ્યું હતું કે, 'ભારતે અન્યોને મદદ કરી છે, આપણે હવે ભારતને મદદ કરવી જોઈએ.' પ્રિન્સ ઓફ વેલ્સે ટ્રસ્ટના 'ઓક્સિજન ફોર ઈન્ડિયા' અભિયાનમાં અંગત દાન પણ આપ્યું છે. મનોજ બદાલેએ કહ્યું હતું કે બ્રિટિશ એશિયન ટ્રસ્ટ દ્વારા ૧૪ વર્ષમાં સાઉથ એશિયામાં અને આફતોમાં મદદ કરાઈ છે પરંતુ, આ આફત અલગ છે. અમને મળેલા કેટલાક મોટાં દાન સમાચારો નિહાળતા કેટલાક બ્રિટિશરો પાસેથી મળ્યાં છે.

## 'Gofundme' કેમ્પેઈનમાં મદદનો ધોધ

બ્રિટિશ ભારતીય કોમ્યુનિટીના ઘણા લોકો દ્વારા ઓક્સિજન ઈક્વિપમેન્ટ માટે નાણાંભંડોળ એકત્ર કરાઈ રહ્યું છે. હોસ્પિટલમાં ઓક્સિજન પુરવઠાનું પ્રમાણ બરાબર ન હોય ત્યારે પેશન્ટની સારવાર માટે હવામાંથી સીધો જ ઓક્સિજન સમૃદ્ધ વાયુ તૈયાર કરી શકે તેવા ઓક્સિજન કન્સેન્ટ્રેટર્સ સાધનો ખરીદવા લાખો પાઉન્ડ એકત્ર કરાયા છે. આ મહાકાર્યમાં બ્રિટિશ એશિયન ટ્રસ્ટ એકલું નથી. બ્રિટિશ ભારતીયો દ્વારા સ્વતંત્ર 'ગોફંડમી-Gofundme' અભિયાન ચલાવાયું છે. તેનું પ્રાથમિક લક્ષ્ય ૨૦૦ ઓક્સિજન કન્સેન્ટ્રેટર્સ ખરીદવા ૧,૬૦,૦૦૦ પાઉન્ડ એકત્ર કરવાનું હતું પરંતુ, હવે ભંડોળની રકમ ૩,૦૦,૦૦૦ પાઉન્ડને પણ આંબી ગઈ છે.

## ટેલિમેડિસીનઃ મેડિકલ કોમ્યુનિટી પણ મદદમાં લાગી

યુકેની વિશાળ ભારતીય મેડિકલ કોમ્યુનિટી પણ અનેક રીતે મદદમાં લાગી છે. બ્રિસ્ટોલમાં કન્સલ્ટન્ટ કાર્ડિયોલોજીસ્ટ તરીકે કામ કરતા ડો. અમરદીપ દસ્તીદારે ફોન પર જરુરિયાતમંદોને ટેલિમેડિસીન તેમજ હજારો માઈલ દૂર કોવિડની સૌથી મોટી લડાઈ લડી રહેલા હજારો તબીબી સાથીઓને સલાહ અને સપોર્ટ આપી રહ્યા છે. ડો. દસ્તીદાર કહે છે કે, 'દરેક ભાંગી પડવાની સ્થિતિમાં છે. મને લાગે છે કે દરેકને સહારાની જરુર છે.' બ્રિટિશ એસોસિયેશન ઓફ ફીઝિશિયન્સ ઓફ ઈન્ડિયન ઓરિજિન (Bapio) પણ ડો. દસ્તીદાર જેવા લોકો દ્વારા અપાતી સહાયને વિસ્તૃત કરવાની કામગીરીમાં છે. ભારતમાં તબીબોના કામનો બોજો ઘટાડવામાં મદદ કરવા સત્તાવાર ટેલિમેડિસીન પ્રોગ્રામ ચલાવવા ઉપરાંત, ઓક્સિજન ઈક્વિપમેન્ટ માટે નાણાં પણ એકત્ર કરે છે.

## વેમ્બલીના શ્રી વલ્લભ નિધિ ટેમ્પલમાં પ્રાર્થના

વેમ્બલીના શ્રી વલ્લભ નિધિ ટેમ્પલના ચેરમેન નરેન્દ્ર ઠકરાર કહે છે કે, 'કોઈ પણ રોગની બીજી લહેર હંમેશા મુશ્કેલ હોય છે કારણકે પ્રથમ લહેરની સરખામણીએ માનસિક હાલત અલગ હોય છે. આ સમય પડકારજનક છે.' ઠકરાર ભારતમાં મિત્રો અને સગાંઓ મારફત સપોર્ટ ઓફર કરી રહ્યા છે. તેઓ કહે છે કે બ્રિટિશ ભારતીય કોમ્યુનિટીને ભારતની કટોકટીનો અહેસાસ છે. તેમના સગાં ત્યાં છે. કેટલાક લોકો ત્યાં જવા ઈચ્છે છે પરંતુ, જઈ શકતા નથી, ફ્યુનરલમાં પણ હાજરી આપી શકતા નથી. શ્રી વલ્લભ નિધિ ટેમ્પલના પૂજારી ભાવિક પંડ્યાએ જણાવ્યું હતું કે, 'લોકોને તેમના ભારતમાં રહેલા સ્વજનોની ભારે ચિંતા છે. તેઓ ઓક્સિજન ઈક્વિપમેન્ટ માટે નાણાં એકત્ર કરવાની સાથોસાથ મંદિરમાં પ્રાર્થનામાં પણ જોડાય છે. પૂજારી તરીકે સમગ્ર વિશ્વ માટે પ્રાર્થના કરવાની મારી ફરજ છે. સમગ્ર વિશ્વ આપણો પરિવાર છે અને દરેક સ્થળ આપણી જવાબદારી છે. અમે માતૃભૂમિની રક્ષા કાજે પ્રાર્થના કરી રહ્યા છીએ.'

(Source : www.gujarat-samachar.com)

# અમેરિકન ગુજરાતીઓ દ્વારા ગુજરાતને વેક્સિન, ઓક્સિજન, દવાઓ તેમજ આર્થિક સહાયની તૈયારી




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં નોર્થ અમેરિકાના ગુજરાતી સમાજના અગ્રણીઓ, નિષ્ણાત તબીબો, સિનિયર એસોસિયેશનના સભ્યો સાથે ગુજરાતમાં કોવિડ સંદર્ભે ગાંધીનગર ખાતેથી ઇ-બેઠક અને સંવાદ યોજાયો હતો, જેમાં અમેરિકાના ગુજરાતીઓ દ્વારા પોતાના વતન ગુજરાત-ગુજરાતીઓને કોરોના મહામારીથી બચાવવા જરૂરી તમામ સંસાધનો અને CM રીલિફ ફંડમાં આર્થિક સહયોગ કરવાની પહેલને મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ આવકારીને પોતાના વતનનું ઋણ અદા કરવાની તૈયારી બદલ ગુજરાતીઓ વતી સૌ અમેરિકન ગુજરાતીઓનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

અમેરિકન ગુજરાતીઓ દ્વારા ગુજરાતને વિવિધ મદદ માટે કરાયેલાં સૂચનના યોગ્ય સંકલન માટે મુખ્યમંત્રીશ્રીએ વિદેશમાંથી CM રિલીફ ફંડમાં આર્થિક સહયોગ તેમજ અમેરિકાથી ગુજરાતમાં વેક્સિન, ઓક્સિજન સહિત જરૂરી તમામ બાબતના ઝડપી કસ્ટમ ક્લિયરન્સ માટે બે ઉચ્ચ અધિકારીઓની નોડલ ઓફિસર તરીકે તાત્કાલિક નિમણૂક પણ કરી હતી.

કેલિફોર્નિયા સ્થિત GONAના ઉપક્રમે યોજાયેલી આ ઇ-બેઠકમાં ઉપસ્થિતિ તમામ અમેરિકન ગુજરાતીઓએ ગુજરાતને ઓક્સિજનની અછત દૂર કરવા, ઓક્સિજન કોન્સન્ટ્રેટર, જરૂરી સંસાધનો, રેમડેસિવિર ઇન્જેક્શન, ફાઇઝર વેક્સિન સીધી ગુજરાતને ઉપલબ્ધ કરાવવી તેમજ CM રિલીફ ફંડમાં આર્થિક સહયોગ સહિતની જરૂરી તમામ મદદ કરીને આ કપરા સમયમાં માદરે વતનનું ઋણ અદા કરવાની તૈયારી દર્શાવી હતી.

(Source : www.divyabhaskar.co.in)